**1. નીચેના વિધાનો સમજાવો.**

**(a) 710 K કરતા નીચા તાપમાને $CO_2$ વધારે સારો પ્રક્રિયક છે જ્યારે 710 K કરતાં ઊંચા તાપમાને CO વધારે સારો પ્રક્રિયક છે.**

**(b) સામાન્ય રીતે રિડક્શન કરતા પહેલાં સલ્ફાઇડ ખનીજનું ઑક્સાઇડમાં રૂપાંતર કરવામાં આવે છે.**

**(c) પરાવર્તની ભઠ્ઠીમાં કૉપરની સલ્ફાઇડ ખનીજની સાથે સિલિકા ઉમેરવામાં આવે છે.**

**(d) ઊંચા તાપમાને કાર્બન તથા હાઇડ્રોજનનો ઉપયોગ રિડક્શનકર્તા તરીકે થતો નથી.**

**(e) Ti ના શુદ્ધીકરણ માટે બાષ્પકલા શુદ્ધીકરણ પ્રક્રિયા વપરાય છે.**

➠ **(a)** એલિંગહામ આકૃતિમાં દર્શાવ્યા મુજબ તાપમાન તથા ગિબ્સની મુક્તઊર્જાના સંદર્ભમાં કહી શકાય કે,
$\Delta_f G_{(C, CO_2)} < \Delta_f G_{(C, CO)}$ આમ 710 K તાપમાન કરતા નીચા તાપમાને $CO_2$ એ CO કરતા વધારે સારો પ્રક્રિયક છે. જ્યારે 710 K કરતા ઊંચા તાપમાને CO વધારે સારો પ્રક્રિયક છે.

➠ **(b)** સામાન્ય રીતે રિડક્શન કરતા પહેલા સલ્ફાઇડ ખનીજનું ઑક્સાઇડમાં રૂપાંતર કરવામાં આવે છે કારણ કે, સલ્ફાઇડના રિડક્શન કરતા ઑક્સાઇડનું રિડક્શન ખૂબ જ સરળતાથી C અથવા CO વડે થઈ શકે છે.

➠ **(c)** સિલિકા એ ફ્લક્સ છે. જેને પરાવર્તની ભઠ્ઠીમાં કૉપરની સલ્ફાઇડ ખનીજની સાથે ઉમેરતા તે સ્લેગ બનાવે છે. જેથી આયર્નની અશુદ્ધિ દૂર થાય છે.

$$FeO + \underset{\text{સ્લેગ}}{SiO_2} \rightarrow FeSiO_3$$

➠ **(d)** કાર્બન અને હાઇડ્રોજન ઊંચા તાપમાને રિડક્શનકર્તા તરીકે વપરાતા નથી કારણ કે ઊંચા તાપમાન કાર્બન અને હાઇડ્રોજનનું રૂપાંતર અનુક્રમે કાર્બાઇડ તથા હાઇડ્રાઇડમાં થાય છે.

➠ **(e)** Ti ના શુદ્ધીકરણ માટે બાષ્પાકલા શુદ્ધીકરણનો ઉપયોગ થાય છે. જે નીચે મુજબ છે.

$$Ti + 2I_2 \xrightarrow{523\ K} TiI_4$$

$$TiI_4 \xrightarrow{1700\ K} Ti + 2I_2$$